## ‘લેન્ડ ઓફ ઓપોર્ચ્યુનીટી’ અને

# કલ્ચરલ મેલ્ટીંગ પૉટ : અમેરીકા

–પ્રવીણકાન્ત શાસ્ત્રી(અમેરીકા)

*‘શાસ્ત્રી, આજે ડેનીને ત્યાં જવાનું છે તે યાદ છે ને?’*

*‘હુ ઈસ ધીસ?’* હું એકદમ ચમક્યો! અવાજ જાણીતો; પણ ન ઓળખાયો. મારાથી પુછાઈ ગયું.

તરત ખડખડાટ હાસ્ય. *‘સાસ્ટરી હું ટારો ચન્ડુ, વન એન્ડ ઓન્લી ‘ચન્ડુ ચાવાલો’. હું સુઢરવા માંગું; ટો પન ટું મને સુઢરવા જ નઠી ડેવાનો. ટને ફોન કર્ટા પેલ્લા, ડશ વખટ મનમાં પ્રેક્ટીસ કરી, સુઢ્ઢ ગુજરાટીમાં ફોન કૈરો. ટો તને મારી ઓર્ખાન પન ન પરી?’*

*‘ના ના, ચંદુભાઈ ઓળખાણ પડી. બસ, કાયમ મારી સાથે ચોખ્ખું ગુજરાતી બોલતા રહેજો. હા, મને યાદ છે આપણે ડેનીને ત્યાં જવાનું છે.’*

ગયે મહીને ડૉ. રાગીણીની બર્થડે સમયે ડેનીભાઈની અચાનક જ મુલાકાત થઈ ગયેલી. ડેનીભાઈ તો અમે કહીએ; બાકી એમનું સાચું નામ દીનેશ તો પાસપોર્ટ પર જ રહી ગયેલું. ઘરનું નામ દીનુ. શેરીનું નામ દીનેશભાઈ અને અમેરીકામાં ડેનીયલ; પણ ઓળખાય માત્ર ‘ડેની’ તરીકે. અમારા મહોલ્લામાંના મનુ પંડ્યાનો એ ભાણેજ. મુંબઈમાં ઉછરેલા, વેકેશનમાં મામાને ત્યાં આવે. અમારા કરતાં ચારેક વર્ષ મોટા. ગોરા અને ઉંચા. પારસી બાવા જેવી પર્સનાલીટી. સુરત આવે ત્યારે અમારા ટોળામાં ભળી જાય. અમે એને દીનેશભાઈ કહેતા. મામા મનુ પંડ્યા ગુજરી ગયા પછી એમનું સુરત આવવાનું બંધ થયું. અચાનક અહીં અમેરીકામાં, મંગુને ત્યાંની પાર્ટીમાં ભેટો થઈ ગયો. પાર્ટીની ધમાલમાં વધુ વાતો ન થઈ; પણ એમણે અમને એમને ત્યાં ‘ગેટ ટુ ગેધર’ માટે આમંત્રણ આપ્યું હતું.

એ યાદ કરાવવા જ ચંદુએ ફોન કર્યો. એમની રાબેતા મુજબની સુરતી ભાષામાં નહીં; પણ ચોખ્ખી ભાષામાં. એમ તો તેઓ બધા સાથે સીધી વાત કરતા. મને જોઈને જ એમનું સુરતીપણું

સળવળતું. મારી સાથે ધીમે ધીમે નોર્મલ થવાની કોશીશ કરતા હતા. અમે ત્રણચાર મીત્રો જ દીનેશભાઈને ત્યાં જવાના હતા. કાંઈ મોટી પાર્ટી ન હતી.

અમે સાંજે એમને ત્યાં ભેગા થયા. તેઓ મામાને ત્યાં આવતા, ત્યારનાં સંસ્મરણો વાગોળ્યાં. અમારા સમ્બન્ધો એટલા અંગત ન હતા કે એમના અંગત જીવન વીશે એમને કંઈ પુછી શકીએ; પણ જાણવાની ઈચ્છા તો ખરી જ. બધા કરતાં મેં દીનેશભાઈ વીશે ઘણી વાતો સાંભળી હતી.

અમારો મંગુ સીધી જ વાત કરનારો. એણે સીધું જ **આશાભાભી**ને પુછ્યું, *'ભાભીજી, આપ અમારા દીનેશભાઈ સાથેની કોઈ રોમાન્ટીક પોલ જાણતા હોય તો જણાવો ને! તેઓ તો અમારા ખુબ જ સીરીયસ વડીલ. એમને તો પુછવાની હીમ્મત ન જ થાય!'*

*'તમારા ભાઈ તો સીરીયસ હોવાના ડ્રામા કરે છે. બાકી એણે જ અમને બાલી ઉમ્મરમાં ફસાવ્યા છે.'* દીનેશભાઈ સ્મીત કરતા રહ્યા.

*'અમે બન્ને નોર્થ કેરોલીના યુનીવર્સીટીમાં ફાર્મસીમાં ડૉક્ટરેટ કરતા હતા. ઓળખાણ થઈ. એ મને મસકા મારીને પ્રોજેક્ટ વર્ક માટે એમના એપાર્ટમેન્ટમાં બોલાવતા. જાતે રસોઈ કરતા; પણ રસોઈમાં કોઈ જાતના ઢંગઢડા નહીં. વાંકીચુકી ભાખરી, કાચા રાઈસ અને બળેલી દાળ બે વખત ખાધાં. પછી મારે જ કહેવું પડતું કે,* 'ડેની, હું આવીને મારી રીતે રસોઈ બનાવીશ.' *તડકા દાલ, રાઈસ, પરોઠા, ચીકન, મટરપનીર હું બનાવતી. પછી તો એના એપાર્ટમેન્ટમાં વીકેન્ડમાં બે વાર મારે કુકીંગ કરવાનું માથે જ પડી ગયું. પાંચ દીવસ બહાર ખાવાનું. ફ્રેન્ડશીપ, લવ અને લીવીંગ ટુ ગેધરમાં, આ કુડી પંજાબન, ગુજ્જુ કી બાતોં મેં ફઁસ ગઈ. સતીશના જન્મના એક મહીના પહેલાં જ અમે લગ્ન કર્યાં. ઈટ વોઝ નાઈન્ટીન ફીફ્ટી એઈટ.'*

*'હા, મને યાદ છે કે તમે બાબાને લઈને મામાને ત્યાં આવ્યાં હતાં. દશેક મીનીટ મારા પેરન્ટ્સને પણ પગે લાગવા મારે ત્યાં આવ્યાં હતાં.'*

*'હા શાસ્ત્રીભાઈ, મેં પંજાબણ સાથે લગ્ન કર્યાં એટલે અમારા ફેમીલીને જ્ઞાતવાળાઓએ જ્ઞાત બહાર મુક્યા હતા. મારા ફાધર અને અંકલને કાંઈ પડી ન હતી; પણ મધરને વસવસો આખી જીન્દગી રહ્યો હતો. અમારાં લગ્નનો નહીં; પણ ન્યાત બહાર થયાનો.'*

ડીનર પછી એમણે બીગ સ્ક્રીન પર એમના ફેમીલી અને લાઈફ ઈવેન્ટ્સની સ્લાઈડ બતાવી. એમનું લગ્ન પહેલાંનું સહજીવન, મોટી ફાર્મસ્યુટીકલ કંપનીઓના રીસર્ચ ડીપાર્ટ્મેન્ટમાં કામ કરતાં

ફોટાઓ. એમના ત્રણ દીકરા અને બે દીકરીના ઉછેર અને તેમનાં લગ્ન અને ગ્રાન્ડ ચીલ્ડ્રનના ફોટાઓ અને આશાભાભીની રનીંગ કોમેન્ટ્રીએ એટલો તો ખ્યાલ આપી દીધો કે અમે કોઈ ઈન્ડીયનને ત્યાં નહીં; પણ અમેરીકનને ત્યાં બેઠા હતા. અમે **અમેરીકામાં પણ સુરતી** જ રહ્યા હતા. અમારા અમેરીકાના ચાળીસ પચાસ વર્ષના વસવાટ પછી પણ; પુરા અમેરીકન થયા ન હતા. અમારા અહીં જન્મેલા છોકરાંઓ પંચોતેર ટકા અમેરીકન અને અમારા ગ્રાન્ડ ચીલ્ડ્રન પંચાણુ ટકા અમેરીકન. અમે તો પંચાણું ટકા દેશીના દેશી જ રહ્યા. અમારાં ડેની અને આશાભાભી પહેલી જનરેશનથી જ અમેરીકન થઈ ગયાં હતાં!

ડેની, દીનેશભાઈ, ગંભીર વડીલમીત્ર. વાતોનો વીષય હતો, **'અમેરીકા'**. **'લેન્ડ ઓફ ઓપોર્ચ્યુનીટી'** અને 'કલ્ચરલ મેલ્ટીંગ પૉટ'. તે દીનેશભાઈનું અને તેમના પરીવારનું જીવન પરથી સાક્ષાત નજરે પડતું હતું. એમનો સૌથી મોટો દીકરો સતીશ અહીં જ જન્મેલી તમીલ છોકરી સાથે પરણ્યો હતો. કહેવાય તો ઈન્ડીયન; પણ કલ્ચર અમેરીકન જ. બીજા નંબરનો રશીયન ઈમીગ્રાંટને પરણ્યો હતો. ત્રીજા નંબરના છોકરાએ જમૈકન બ્લેક અમેરીકન છોકરી સાથે લગ્ન કર્યાં હતાં. એની એક દીકરીએ આઈરીશ અમેરીકન સાથે લગ્ન કર્યાં હતાં. અને બીજી જપાનીસ સાથે પરણી હતી.

આશાભાભીએ કહ્યું કે, *'યુનાઈટેડ સ્ટેટ્સ એ ઈમીગ્રન્ટ્સનો દેશ છે. અમેરીકા લેન્ડ ઓફ* ***ઓપોર્ચ્યુનીટી*** *કહેવાય છે. સમગ્ર વીશ્વમાંથી લોકો, વધુ સારી રીતે જીવન જીવવા માટે અહીં આવે છે. દરેક ઈમીગ્રન્ટ તેમની સાથે તેમની* ***સંસ્કૃતી*** *લાવે છે. તેમના રીતરીવાજો અને માન્યતાઓ લાવે છે. દુનીયાભરમાંથી આવતી પહેલી પેઢીની સંસ્કૃતીનું, અહીં બીજી અને ત્રીજી પેઢીએ 'મેલ્ટીંગ' થઈને એક 'નવી જ સંસ્કૃતી' બને છે અને તે છે* ***'અમેરીકન સંસ્કૃતી'– 'અમેરીકન કલ્ચર.'***

*'અમારે ત્યાં કુટુંબ સાથે અવારનવાર અમે ગુજરાતી અને પંજાબી તહેવારો ઉજવીએ છીએ. દીકરાઓને ત્યાં એમની પત્નીના કૌટુંબીક કે ધાર્મીક તહેવારોમાં પણ અમે સામેલ થઈએ છીએ. ઘરમાં વહુઓનાં માબાપ તેમના દેશની ભાષા બોલે છે; પણ છોકરાંઓ તો અમેરીકન ઈંગ્લીશ જ બોલે છે અને સમજે છે.'*

દીનેશભાઈએ કહ્યું, *'આ દેશ એક* વીશાળ *સુપના મોટા પૉટ જેવો છે. એમાં બીજા દેશોમાંથી આવતા બધા ઈમીગ્રન્ટસ કંઈકના કંઈક ઈન્ગ્રેડીયન્સ ઉમેરતા જાય છે. એક* ***નવો***

સ્વાદ ઉમેરે છે. માની લો કે એક સ્વાદીષ્ટ પાઁવભાજી. આ જ 'અમેરીકન કલ્ચર' છે. દરેક ઈમીગ્રાન્ટ અમેરીકા આવ્યા પછી, તેઓ અન્ય લોકો સાથે જોડાઈ જાય છે. એકબીજાની સંસ્કૃતી વીશે શીખે છે. આ 'અમેરીકન મેલ્ટીંગ પૉટના સુપની' વીશીષ્ટતા એવી છે કે બધા અલગ હોવા છતાં; બધા એક છે એવો અનુભવ થાય છે.'

આશા ભાભીએ કહ્યું કે, 'અમારા ફેમીલીમાં 'ક્રોસ-કલ્ચરલ લગ્નો'એ અમારે માટે 'રેસીયલ ટોલરન્સ' સર્જવાનું કામ કર્યું છે. 'પ્યુ રીસર્ચ સેન્ટર'ના સર્વે મુજબ 2010માં અમેરીકામાં બ્લેક અને કોકેઝીયન વ્હાઈટના 'ઈન્ટર રેસીયલ' લગ્નો 15 ટકા હતાં; તે દર વર્ષે વધતાં જ રહ્યાં છે. આ લગ્નની સંખ્યામાં વધારો પણ રેસીયલ ટોલરન્સ વધારવામાં સારો એવો ફાળો આપે છે. એક નવી જ 'માનસીક સહીષ્ણુતા' સર્જાય છે. 'પ્યુ રીસર્ચ સેન્ટર'ના અભ્યાસ મુજબ, 35 ટકા અમેરીકનોનાં કુટુમ્બમાં પોતાની જાતીમાં જ લગ્ન કર્યાં છે. જ્યારે 65 ટકા અમેરીકનોએ આંતરજાતીય લગ્નો કર્યાં છે. યુવાન લોકોમાં 'ક્રોસ-સાંસ્કૃતીક' લગ્નને સ્વીકારી શકવાની ક્ષમતા વધારે હોય છે.

'ઓલ મીલીનીયલ્સ સ્વીક ઈન્ટરફેરી ડેટીંગ એન્ડ મેરેજ', સંસ્થાના સર્વે મુજબ 88 ટકા લોકોએ જણાવ્યું હતું કે તેઓ કોઈ અન્ય જુથ સાથેનાં લગ્ન સ્વીકારે છે. આ કારણોસર, વધુ ક્રોસ-સાંસ્કૃતીક સંબંધોની અપેક્ષા રાખી શકાય છે.

'કેટલાક 'પ્રોફેશનલ એથ્લેટ્સ' કે પ્રખ્યાત લોકોએ પણ આંતરદેશીય કે આંતરજાતીય મેરેજ કર્યાં છે. તેમાં રોબર્ટ ડી નીરો અને ગ્રેસ હાઈટવર, જ્યોર્જ લુકાસ અને મેલોડી હોબસન, ઓડ્રા મેકડોનાલ્ડ, વીલ સ્વેન્સન, માર્ક ઝુકરબર્ગ, પ્રીસીલા ચાનનો સમાવેશ થાય છે. લોકો તેમને સ્વીકારે છે. 'યુ.એસ. સેન્સસ બ્યુરો'ના જણાવ્યા અનુસાર, 30 વર્ષમાં, શક્ય છે કે વ્હાઈટ કરતાં બ્લેક કે મીક્સ વધારે હશે.

આપણા ભારતની ચર્ચા નીકળી. દીનેશભાઈએ અમને પણ ઝપેટમાં લીધા. 'તમે તો અમેરીકામાં પણ સુરતી જ બની રહેવા માંગો છો.' કહ્યું અમને બધાને; પણ એમની મર્માળુ નજર તો અમારા ચંદુ પર જ હતી. 'એક 'સમાન સનાતન હીન્દુ' પણ બની શકતા નથી. એમાં પણ પાછી અનેક સંપ્રદાયોની મારામારી.'

દીનેશભાઈ જાણે ક્લાસ રુમમાં છોકરાં ભણાવતા હોય એમ કહેતા હતા. *'હું માનું છું કે અમેરીકાની જેમ જ જો ભારતને એક દેશ બનાવવો હોય તો ક્રોસ કલ્ચર મેરેજીસ કરવા દો. આપોઆપ જાતીવાદ બંધ થશે. મારા એક ડૉક્ટર પટેલમીત્ર તો અમેરીકામાં પણ પોતાના સંતાન માટે 'પાંચ ગામ' કે 'સાત ગામ'નાં છોકરા–છોકરી શોધતા રહે છે. પછી સંતાનો ધડાકા કરે કે તેઓ તો અમેરીકનના પ્રેમમાં છે અને પોતાની મરજી મુજબ પરણવાનાં છે. ત્યારે રાતાપીળા થઈ જાય છે. બીચારા દેશી ડોસાઓ!!'*

ઈન્ડીયામાં જાતીવાદી રાજકારણે જે વાતાવરણ ઉભું થયું છે તેની ચર્ચા કરતાં દીનેશભાઈએ એમના ડેલાવેર યુનીવર્સીટીના પ્રૉફેસર મીત્ર ડો. દીવ્યેશભાઈનો અભીપ્રાય જણાવ્યો. દીવ્યેશભાઈના કહેવા મુજબ : *'જ્યાં સુધી આપણા ગુજરાત અને દેશમાં, જ્ઞાતીના ભેદભાવની વાતો થતી રહેશે, 'ઉચ્ચ જ્ઞાતી' અને 'નીચી જ્ઞાતી'ની ચર્ચાઓ થતી રહેશે, પોતાની જ્ઞાતીના ગૌરવની લાગણીની વાતો કરતા રહેશે, (જાણે કેમ પોતે નક્કી કરીને કોઈ ચોક્કસ જ્ઞાતીમાં જન્મ ન લીધો હોય, તેમ!), જ્યાં સુધી આપણે આવી માનસીકતામાંથી બહાર નીકળીશું નહીં, ત્યાં સુધી દેશ અરાજકતામાંથી બહાર આવશે જ નહીં અને રાજકારણીઓ ચુંટણીના સમયમાં ધર્મ અને જાતીના આવા નુસખાના આધારે લાભ લેતા રહેશે. જે જ્ઞાતીના લોકો સાચી પરીસ્થીતી સમજશે તેઓ તો આવી લપમાં નહી પડે.*

*'દીનેશભાઈ ડેનીયલ બની ગયા હતા. એમનાં બાળકોને કોઈ જાતીવાદ ન હતો, કોઈ પ્રાંતવાદ ન હતો, કોઈ ભાષાવાદ ન હતો કે કોઈ પણ વાદનો હઠાગ્રહ ન હતો. જો ભારતમાં આંતરપ્રાંતીય અને આંતરજાતીય લગ્નો થાય તો જ ભાષાવાદ અને જાતીવાદ નાબુદ થાય.'*

એમની વાત સો ટકા સાચી જ છે. અમે બધા પહેલી પેઢીના ઈમીગ્રાન્ટ્સ બીજી અને ત્રીજી પેઢીનાં ગ્રાન્ડચીલડ્રનનાં આંતરજ્ઞાતીનાં અને આંતરજાતીનાં લગ્નો જોતાં આવ્યા છીએ અને સ્વીકારતા પણ થયા છે. ભારતમાં પણ આવાં લગ્નો થશે તો જ એકતા સ્થપાશે. જાતીય ક્રોસબ્રીડીંગથી ઉત્પન્ન થતી પ્રજા વધુ શક્તીશાળી હોય છે. ભારતને એ જરુરી છે.

ત્યાર પછી તો અમારી વાતોના ઘણા વીષયો બદલાયા. દીનેશભાઈ અને આશાભાભી સાથે ઘણી વાતો થઈ. એક ખાસ મજાની વાત એ થઈ કે, ચંદુભાઈએ જાતે જ જાહેર કર્યું કે હવે હું 'શાસ્ત્રી'ને, 'સાસટરી' નહીં કહું; પણ 'શાસ્ત્રીભાઈ' જ કહીશ. અને હવેથી મારે મને 'ચંદુભાઈ'

નહીં; પણ 'ચંદુ' જ કહેવાનું. આપણા કરતાં મોટા છે. તેમાં વળી, અમારા મંગુએ પાછી સળી કરી, *'ચંદુ, તને આટલાં વર્ષે આ બ્રહ્મજ્ઞાન કેવી રીતે થયું કે શાસ્ત્રીજી આપણા કરતાં મોટા છે?'* ચંદુની પુંછ કદીયે સીધી નહીં જ થાય. જેટલી વાર 'શાસ્ત્રીભાઈ'ને બદલે 'સાસ્ટરી' કહે એટલી વાર તારે શાસ્ત્રીજીને સો ડોલર આપવા.'

*'મંગુ, ટુ ડોસો ઠીયો ટો બી એવોને એવો જ રે'વાનો. ઢીસ ઈસ ઈન બીલ્ટીન સાસ્ટરી એન્ડ આઈ. ટારે વચમાં પરવાની જરુર નઠી.'*

હસતાં રમતાં અમે છુટાં પડ્યાં.

માર્ચ, 2018માં અમેરીકાના ગુજરાતી અખબાર 'તીરંગા'માં પ્રકાશીત થયેલો આ હાસ્યલેખ, લેખકની અને 'તીરંગા'ના તંત્રી–પ્રકાશકની મંજુરીથી સાભાર. ..ઉત્તમ.મધુ ગજ્જર..

–પ્રવીણકાન્ત શાસ્ત્રી

## સર્જકસમ્પર્ક :

PRAVINKANT M. SHASTRI
6-SAVERIA COURT, HOWELL - NJ - 07731 - USA
Phone : 01-732-804-8045 eMail : shastripravinkant@gmail.com
Website : https://pravinshastri.wordpress.com/

## સર્જકનું સર્જન :

લેખકની પ્રથમ નવલકથા **'શ્વેતા';** અમેરીકાના પ્રસીદ્ધ ગુજરાતી માસીક **'ગુજરાત દર્પણ'**માં ધારાવાહીક રીતે પ્રકાશીત થયેલી, અમેરીકાની રંગીન જીવનશૈલીને ઉજાગર કરતી, સર્જકની **પ્રથમ નવલકથા 'શ્વેતા'** (પ્રથમ આવૃત્તી : 2011; પ્રકાશક : લેખક પોતે; ટાઈપસેટીંગ અને મુદ્રક : ચીન્મય જોશી, શ્રી રંગ પ્રીન્ટર્સ, સુરત. તેની ઈ.આવૃત્તીનું પ્રકાશન : 2017માં થયું, જે તમે મફ્ફત ડાઉનલોડ કરી શકો છો, વાંચવા અને ગમે તો મીત્રોને તેની નીઃશુલ્ક લહાણ કરવા નીચેની લીંક પરથી તે મળશે :

https://pravinshastri.files.wordpress.com/2017/07/e0aab6e0ab8de0aab5e0ab87e0aaa4e0aabe_e0aba9.pdf

..ઉત્તમ.મધુકાંતા ગજ્જર..

♦●♦

‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષ: સોળમું – અંક: 472 –February 14, 2021

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

♦●♦

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

# Total Visits : 6,24,31,000

More than 4,09,86,000 Gujarati Language lovers have visited http://www.gujaratilexicon.com

More than 1,89,44,000 have visited Digital Bhagwadgomandal http://www.bhagwadgomandal.com

More than 11,36,000 have visited Lokkosh http://lokkosh.gujaratilexicon.com

More than 13,65,000 have visited Global-Gujaratilexicon http://global.gujaratilexicon.com

@@@@@@@@@

**472.Melting_Pot-AMERICA-PRAVINKANT_SHASTRI-SeM-14-02-2021**